પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૦ | ૧ એપ્રિલ, ૨૦૧૭, શનિવાર ; ચૈત્ર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## હિમાચલના મુખ્યમંત્રી વીરભદ્ર સામે ચાર્જશીટ



### હિમાચલપ્રદેશમાં કોંગ્રેસ પાર્ટીને મરણતોલ ફટકો : હાઈકોર્ટે અરજીને ફગાવી દીધા બાદ અપ્રમાણ સંપત્તિ કેસમાં વીરભદ્રસિંહ ઉપરાંત પત્ની પ્રતિભા, અન્યોની સામે પણ ચાર્જશીટ દાખલ

નવી દિલ્હી, તા.૩૧

કોંગ્રેસ પાર્ટીને મોટો ફટકો પડે તેવા એક ઘટનાક્રમમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન (સીબીઆઈ)એ ભારે ચર્ચા જગાવનાર અપ્રમાણ સંપત્તિ કેસમાં હિમાચલપ્રદેશના મુખ્યમંત્રી વીરભદ્રસિંહ, તેમના પત્ની પ્રતિભાસિંહ અને અન્યો સામે આજે ચાર્જશીટ દાખલ કરી હતી. નવેસરના ઘટનાક્રમને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. રાજકીય વર્તુળોમાં આ મામલો વધુ ગરમ બને તેવી શકયતા છે. ભ્રષ્ટાચારના કેસમાં તેમની અને તેમના પત્ની સામે સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆઈરને રદ કરવાની માંગ કરીને વીરભદ્રસિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધા બાદ સીબીઆઈ દ્વારા વીરભદ્રસિંહ અને તેમના પત્ની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. સિંહે ભ્રષ્ટાચાર અટકાયત ધારાની જુદી જદી કલમો હેઠળ તેમની અને તેમના પત્નીની સામે દાખલ કરવામાં આવેલી

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ગરમીની રજાઓમાં કામ કરશે સુપ્રીમ કોર્ટ

૬૭ વર્ષમાં પ્રથમવાર સુપ્રીમ



કોર્ટ નવી પહેલ શરૂ કરવા જઈ રહી છે. આ ગરમીની રજાઓમાં પાંચ જજોવાળી ૩ બેન્ચ નિયમિત રૂપથી દરેક દિવસે કામ કરશે. ચીફ જસ્ટિસ જે.એસ. ખેહર અને જસ્ટિસ ડી વાય ચંદ્રચુડની બેન્ચે ગુરુવારે જાહેરાત કરી હતી કે ટ્રિપલ તલાકની યાચિકાઓ પર કોર્ટની પાંચ સદસ્યોની બેન્ચ ૧૧થી ૧૯ મે દરમિયાન સુનાવણી કરશે.

### અપર્ણા યાદવની ગૌશાળામાં યોગી પહોંચ્યા

સપાના સુપ્રિમો મુલાયમસિંહ



યાદવની પુત્રવધુ અને લખનઉ કેન્ટની પરાજીત ઉમેદવાર અપર્ણા યાદવની ગૌશાળા (કાન્હા) ખાતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પહોંચ્યા હતા અને ગાયોને ચારો નીર્યો હતો.

### ૨૫ વર્ષથી વધુ ઉંમરના ઉમેદવારો પણ નીટ આપી શકશે


સુપ્રિમ કોર્ટે નેશનલ એલિજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટની પરીક્ષા માટે ૨૫ વર્ષથી ઉપરની વયના ઉમેદવારોને પરવાનગી આપી દીધી છે. આ સિવાય સુપ્રિમ કોર્ટે ફોર્મ ભરવાની તારીખ પણ ૫ એપ્રિલ સુધી વધારી દીધી છે.

### ઓરિસ્સામાં પીએમના વિરોધમાં નકસલી હુમલો

ઓરિસ્સામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રવાસ પહેલાં નકસલીએ બોમ્બ ધડાકો કરીને તેમના પ્રવાસનો વિરોધ નોંધાવ્યો હતો. નકસલીએ બોમ્બ ધડાકો કરી દહીખાલ રેલવ સ્ટેશનનો કંટ્રોલ રૂમ ઉડાવી દીધો હતો.

## પીપીએફ, કિસાન વિકાસપત્ર પર વ્યાજદરમાં ૦.૧ ટકાનો ઘટાડો

### એપ્રિલ-જૂન ત્રિમાસિક ગાળા માટે સુકન્યા સ્કીમમાં વ્યાજમાં ઘટાડો : નવી હિલચાલથી બેંકો દ્વારા ડિપોઝીટના રેટમાં ઘટાડો કરવામાં આવે તોવી પ્રબળ સંભાવના




નવી દિલ્હી,તા. ૩૧

પીપીએફ, કિસાન વિકાસપત્ર, સુકન્યા સમૃદ્ધિ યોજના જેવી નાની બચતની યોજના પર વ્યાજદરમાં ૦.૧ ટકાનો ઘટાડો કરી દેવામાં આવ્યો છે. એપ્રિલ-જૂન ત્રિમાસિક ગાળા માટે ૦.૧ ટકા સુધીનો ઘટાડો નાની બચતની યોજના પર સરકાર દ્વારા કરવામાં આવ્યા બાદ આને લઈને પણ લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે. આ હિલચાલ બાદ તેમના થાપણોના રેટમાં ઘટાડો કરવા બેંકોને પ્રોત્સાહન મળી શકે છે. એપ્રિલ-જૂનના ત્રિમાસિક ગાળામાં ૦.૧ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. જોકે બચત થાપણો ઉપર વ્યાજદરને વાર્ષિક રીતે ચાર ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે. ગયા વર્ષે એપ્રિલ બાદથી નાની બચતની સ્કીમોના વ્યાજદરોમાં

● અનુસંધાન પાન-૭ પર

## અયોધ્યા કેસની સુનાવણી વહેલી કરવા સુપ્રીમનો ઈનકાર

### સુબ્રમણ્યમ સ્વામી દ્વારા કરવામાં આવેલી દલીલોને ફગાવાઈ : સુબ્રમણ્યમ સ્વામીને પક્ષકાર તરીકે નહીં ગણીને સમયના અભાવે વહેલીતકે સુનાવણી માટે ઈનકાર : સ્વામીને સુપ્રિમ દ્વારા વેધક પ્રશ્નો પૂછવામાં આવ્યા

નવી દિલ્હી,તા. ૩૧

રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ વિવાદ મામલામાં સુપ્રિમ કોર્ટે વહેલીતકે સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામી દ્વારા આ મામલામાં સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા આ મુજબનો આદેશ કરવામાં આવ્યો હતો. સુપ્રિમ કોર્ટે આજે આ મામલામાં સુનાવણી કરતી વેળા સ્વામીના પક્ષકાર તરીકે નહીં ગણીને સમયના અભાવની વાત કરીને વહેલીતકે સુનાવણીની માંગણીને ફગાવી દીધી હતી. સુપ્રિમ કોર્ટમાં સુનાવણી દરમિયાન આ મામલામાં પક્ષકારોએ કહ્યું હતું કે સ્વામી આ કેસમાં પક્ષકાર તરીકે રહ્યા નથી. ત્યારબાદ ચીફ જસ્ટીસે સ્વામીને આ અંગે પ્રશ્ન કર્યો હતો. જેથી સ્વામીએ કબુલાત કરી હતી કે તેઓ પક્ષકાર તરીકે નથી. જોકે તેમના માટે આ ધાર્મિક આસ્થાનો મામલો છે. સ્વામીએ કોર્ટમાં કહ્યું હતું કે તેમને પ્રોપ્રટી સાથે કોઈ લેવા દેવા નથી. તેઓએ માત્ર પૂજા કરવાના બંધારણીય અધિકાર હેઠળ આ અરજી દાખલ કરી હતી. ચીફ જસ્ટીસે બંને પક્ષોની દલીલો સાંભળી લીધા બાદ આ મામલામાં વહેલીતકે સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. અત્રે નોંધનિય છે કે આ અગાઉ મુખ્ય અરજી કરનારના પુત્રએ સુપ્રિમ કોર્ટને પત્ર લખીને સ્વામી દ્વારા તમામ સંબંધિત પક્ષોને માહિતી આપ્યા વગર મામલાની તાકીદે સુનાવણીની માંગ પર વાંધો ઉઠાવ્યો હતો. મોહંમદ હાસીન અંસારીના પુત્રએ સુપ્રિમ કોર્ટના મહાસચિવને પત્ર લખીને કહ્યું હતું કે રાજયસભા સભ્ય વારંવાર મુખ્ય ન્યાયાધીશની સામે મામલાનો ઉલ્લેખ કરે છે. તેમના પિતા તરફથી પણ રજુ કરવામાં આવેલા વકીલ

● અનુસંધાન પાન-૭ પર

## અમીરોનું દેવુ માફ થયું છે પણ ખેડૂતોનું નહીં : રાહુલ

### જંતરમંતર ખાતે ખેડૂતો સાથે રાહુલની ચર્ચા

નવી દિલ્હી,તા. ૩૧

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાધીએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. તમિલનાડુના દુષ્કાળગ્રસ્ત ખેડૂતોની રજુઆત તરફ ધ્યાન નહીં આપવાનો વડાપ્રધાન ઉપર આક્ષેપ કર્યો હતો. રાહત પેકેજ માટેની તેમની માંગણી તરફ બિલકુલ પણ ધ્યાન આપવામાં આવ્યું નથી. રાહુલ ગાંધીએ જંતર મંતરની મુલાકાત દરમિયાન આ સૂચન કર્યા હતા. સતત ૧૮માં દિવસે અહીં વિરોધ પ્રદર્શન કરી રહેલા દક્ષિણી રાજ્યના ખેડૂતોને સમર્થન આપવાના હેતુસર જંતરમંતર ખાતે રાહુલ ગાંધી પહોંચ્યા હતા. ગાંધીએ કહ્યું હતું કે મોદીના નેતૃત્વમાં વર્તમાન સરકાર ગરીબ વિરોધી અને ખેડૂત વિરોધી છે. ઉદ્યોગપતિઓની માંગણી

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાતમાં ગૌવંશ હત્યા કરનારને આજીવન કેદ

### ગૌવંશ હત્યાના તમામ ગુનાઓ હવે બિનજામીનપાત્ર રહેશે : સાંજના સાતથી સવારના પાંચ વાગ્યા સુધી ગૌવંશના પશુઓની હેરફેર પર પ્રતિબંધ લદાયો : ગુજરાત સરકારનો ગૌવંશ હત્યા રોકવા સૌથી કઠોર કાયદો

અમદાવાદ, તા.૩૧

ગૌવંશના પશુઓની હત્યા અટકાવવા પશુઓની ગેરકાયદે કતલ કરવાના દુષણ પર અંકુશ મેળવવા ગુજરાત સરકારે આજે સમગ્ર દેશમાં સૌથી કઠોરમાં કઠોર કાયદો બનાવ્યો છે. ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, ગાય એ પ્રાણી નથી પરંતુ, સંસારનો પ્રાણ છે, અને જે વ્યક્તિ ગાયની દયા નહી ખાય સરકાર પણ એની દયા નહીં ખાય. આન,બાન અને શાન સમી ગાય માતા આપણા દેશનું કૃષિ શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વિજ્ઞાનશાસ્ત્ર અને આરોગ્યશાસ્ત્ર છે. ગાય અને ગૌવંશના સંરક્ષણ માટે કડકમાં કડક કાયદાની જાહેરાત કરતા તેમણે જણાવ્યું હતું કે, ગૌવંશના દોષિતોને આજીવન કેદની સજા કરાશે. ગૌવંશની હત્યા કે ગેરકાયદે હેરફેરમાં વપરાતા વાહનો રાજયસાત કરાશે. ગુજરાત પશુ સંરક્ષણ સુધારા માટેનું બીલને માત્ર બીલ નથી પરંતુ, સંસ્કૃતિના જતન અને સંવર્ધન માટે પ્રતિબધ્ધ જીવદયાપ્રેમી મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની સરકારની દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિ સાથેના વીલ વાળી કરોડો ભારતવાસીઓના દિલની વાત છે, એમ કહીને મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુજરાતભરમાંથી વિધાનસભા ગૃહમાં પધારેલા પ્રમુખ સંતો, મહંતો, ભગવંતો, મહારાજ સાહેબોના ચરણોમાં શિશ ઝુકાવીને આશીર્વાદ માગતા જણાવ્યું હતું કે, જૈનમ જયતિ શાસનમમાં માનતી ગુજરાતની સરકાર ગૌવંશની સુરક્ષા માટે કટિબધ્ધ છે. ગૌવંશના પશુઓના હત્યા અટકાવવા માટેના કાયદાઓ હોવા છતા તેની જોગવાઈઓ કડક નહીં હોવાથી કસાઈઓ બેફામ અને બેરોકટોકપણે સંસ્કૃતિનું વસ્ત્રાહરણ કરતા હતા, એમ કહીને મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, જ્યાં સંસ્કૃતિનું વસ્ત્રાહરણ થતું હશે ત્યાં આ સંવેદનશીલ સરકાર આંખે પાટા બાધીને બેસી નહી રહે. આવા તત્વો સામે કઠોરમાં કઠોર કાર્યવાહી કરતા આ સરકાર નહીં અચકાય. લોકશાહીના મંદિર સમા વિધાનસભા ગૃહમાં શ્રધ્ધા પ્રદિપસિંહ



જાડેજાએ ગૌવંશ સુરક્ષા માટેનું બીલ રજુ કરતા જણાવ્યું હતું કે, કસાઈના હાથે કપાતી ગાયોની વેદનાને વાચા આપવાનો મારો નમ્ર પ્રયાસ છે. ગાયના રક્તનું એક બુંદ પણ ધરતી પર પડે તો હિન્દુઓનું દિલ દુઃખે છે. આજે વિધાનસભામાં ગૌ હત્યા રોકવા કડકમાં કડક કાયદો લાવ્યા છીએ ત્યારે તુષ્ટિકરણની રાજનીતીમાં

● અનુસંધાન પાન-૭ પર

આયુર્વેદિક દવાઓ
ह्रीं | NAGARJUNA | BAN Since 1966 | Himalaya Herbal Healthcare | ZANDU | VASU Healthcare Pvt. Ltd. | पतंजलि | Baidyanath | Dabur | SANDU | Charak
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

No.1 COACHING INSTITUTE FOR CA & CS
GANDHINAGAR • AHMEDABAD • VADODARA
CA CPT Batch Start From 1st April, 2017
ALL INDIA RANKS IN CA FINAL 2016



7th Rank in India
RONAK BAPHNA



44th Rank in India
AKHIL PULAVALA
Highest Number of CA Final Pass Out From Gandhinagar
For CA Coaching, it is NEXT or NOTHING
NEXT COMMERCE EDUCATION PVT LTD
NEXT COMMERCE EDUCATION PVT. LTD.
446, 2nd Floor, Above HDFC Bank, GH-5, Sector - 16, Gandhinagar.
Mo. : 99 24 99 88 99, 94280 35750

રહીમચાચા આવી ગયા છે
ફળોના રાજા કેરી માટે
રત્નાગીરી હાફુસ કેરી તથા પાયરી કેરી, તથા સૌરાષ્ટ્ર અને કચ્છની કેસર કેરી માટે મળો
જુના અને જાણીતા
રહીમચાચા
(૨૭ વર્ષથી રેગ્યુલર સર્વિસ)
નવદીપ કિરાણા પાછળ, રૂપકલા જ્વેલર્સની બાજુમાં, ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
ખાસ નોંધ : સોમવારે પણ અમારી દુકાન ચાલુ રહેશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય